સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021/ ૧૩૨૫૯--૮૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 02/07/2021
3

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ જુલાઈ માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦

(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે COVID-19 સમય દરમિયાન વર્ષ ૨૦૨૧-૨૨ના નવા શૈક્ષણિક સત્રમાં રાજ્યની શાળાઓમાં ગત વર્ષની જેમ વિવિધ માધ્યમથી હોમલર્નીંગની પ્રક્રિયા અમલમાં છે. સદર હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર સામયિક મૂલ્યાંકન કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

- જુલાઈ માસમાં ધોરણ-૩થી ૮માં નીચે મુજબના વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.

| ધોરણ | વિષય | ગુણ |
|---|---|---|
| ૩ | ગુજરાતી (પ્રથમભાષા) , ગણિત | ૨૫ |
| ૪ | ગુજરાતી(પ્રથમભાષા), ગણિત | ૨૫ |
| ૫ | ગુજરાતી(પ્રથમભાષા),ગણિત, અંગ્રેજી | ૨૫ |
| ૬ | ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, અંગ્રેજી | ૫૦ |
| ૭ | ગુજરાતી(પ્રથમભાષા), ગણિત, અંગ્રેજી | ૫૦ |
| ૮ | ગુજરાતી(પ્રથમભાષા), ગણિત, અંગ્રેજી | ૫૦ |

- અન્ય માધ્યમ માટે ગુજરાતીને બદલે પ્રથમભાષાની કસોટી લેવામાં આવશે.
- અંગ્રેજી માધ્યમમાં અંગ્રેજીને બદલે ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી લેવામાં આવશે.



Scanned by CamScanner

- વિદ્યાર્થીઓની પ્રવર્તમાન શૈક્ષણિક સ્થિતિ જાણવાના હેતુસર સત્રની ઉપરોક્ત પ્રથમ સામયિક કસોટી જે તે ધોરણમાં અગાઉના ધોરણના લર્નીંગ આઉટકમ્સને ધ્યાનમાં લઈ તૈયાર કરવામાં આવશે. દા.ત. ધોરણ ૮માં ગુજરાતીની કસોટી ધોરણ ૭ સુધીના લર્નીંગ આઉટકમ્સને ધ્યાનમાં લઈ તૈયાર કરવામાં આવશે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૦/૦૭/૨૦૨૧ થી ૨૩/૦૭/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૧૯/૦૭/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦/૦૭/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીઓ તા. ૩૦/૦૭/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- ધોરણ ૪ થી ૮માં કસોટીના ઉત્તરો ગત વર્ષની એકમ કસોટીની નોટબુકમાં લખવાના રહેશે. સંજોગોવશાત્ આ નોટબુક ઉપલબ્ધ ના હોય તો અન્ય નોટબુકમાં લખવાના રહેશે. ધોરણ-૩ની ગુજરાતી અને ગણિતની કસોટીઓની અંદર જ ઉત્તરો લખવાના રહેશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/901 J
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. ૮/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓ તરફ.
સુરત, જિ.-સુરત.

Scanned by CamScanner